For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

14 ઉમેદવારોએ ફોર્મ ખેંચતા સમીકરણો બદલાયા; 18મી માર્ચે મતદાન અને તે જ દિવસે પરિણામ જાહેર થશે

બરોડા ડેરીની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ: 9 બેઠકો બિનહરીફ

હવે 4 ઝોનમાં ખરાખરીનો જંગ જામશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

મધ્ય ગુજરાતની મહત્વની ગણાતી બરોડા ડેરી (વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ) ની ચૂંટણીમાં ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારી ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે કુલ 14 ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા હવે કુલ 13 બેઠકો પૈકી 9 બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. જ્યારે બાકીની 4 બેઠકો પર આગામી 18મી માર્ચે મતદાન યોજાશે. ચૂંટણી અધિકારી એશ્વર્યા દુબેના જણાવ્યા અનુસાર, કુલ 31 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા.

ફોર્મ પાછા ખેંચવાના છેલ્લા દિવસે 14 ફોર્મ ખેંચાતા હવે મેદાનમાં 17 ઉમેદવારો બાકી રહ્યા છે. જેમાંથી 9 બેઠકો પર સિંગલ ઉમેદવાર હોવાથી તેમને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં સંખેડા બેઠક પરથી રમેશભાઈ બારીયા, આસોજ બેઠક પરથી સતીષ પટેલ અને જિતેન્દ્રસિંહ પરમાર સહિતના અન્ય ઉમેદવારોનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા આગામી 9મી માર્ચે બિનહરીફ અને હરીફ ઉમેદવારોની સત્તાવાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જે 4 બેઠકો પર ચૂંટણી યોજાવાની છે ત્યાં 18મી માર્ચે બપોરે 3 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ તરત જ મતગણતરી કરીને પરિણામો જાહેર કરવામાં આવશે.

હવે આ ચાર બેઠકો પર જંગ

વડોદરા ઝોન

હિતેશ પટેલ | પાર્થિવ પટેલ

ડેસર ઝોન

કુલદીપસિંહ રાઉલજી | સુરપાલસિંહ પરમાર

ડભોઈ ઝોન

દિક્ષીત પટેલ | પ્રહલાદ પટેલ

પાવીજેતપુર ઝોન

દિક્ષીત પટેલ | ગેમલભાઈ રાઠવા

ખરાખરીનો ખેલ : હવે માત્ર 4 બેઠકો પર જ મદાપૂડો છંછેડાશે

બરોડા ડેરીની સત્તાના સૂત્રો કબજે કરવા માટે ચાલી રહેલી રાજકીય શતરંજમાં હવે અંતિમ મહોરાં ગોઠવાઈ ગયા છે. કરજણ બેઠક પર સતીશ નિશાળીયા બિનહરીફ જાહેર થતા ભાજપ છાવણીમાં ઉત્સાહ છે, પરંતુ ખરો રોમાંચ હવે બાકી રહેલી 4 બેઠકો પર જોવા મળશે. વડોદરા તાલુકો, ડભોઈ, તિલકવાડા, ડેસર અને પાવીજેતપુર બેઠકો પર મુકાબલો રસાકસીભર્યો બન્યો છે. 18મી માર્ચે યોજાનાર મતદાનમાં આ પાંચ બેઠકોના વિજેતા ઉમેદવારો જ ડેરીના ભવિષ્યનું સુકાન નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

4 ઝોનમાં ચૂંટણીનો જંગ : બે-બે ઉમેદવારો વચ્ચે સીધો જંગ

વડોદરા ઝોન: હિતેશ મફતભાઈ પટેલ અને પાર્થિવ શૈલેષભાઈ પટેલ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

ડેસર ઝોન: કુલદીપ સિંહ ઉદયસિંહ રાઉલજીની સામે સૂરપાલસિંહ ચિમનસિંહ પરમાર મેદાનમાં છે.

ડભોઈ ઝોન: પૂર્વ ડાયરેક્ટર દીક્ષિતભાઈ પીખાભાઈ પટેલ અને પ્રહલાદભાઈ મંગળદાસ પટેલ વચ્ચે જંગ જામશે.

પાવી જેતપુર ઝોન: રણજીતસિંહ મોહનસિંહ રાઠવા અને ગેમલભાઈ વિઠ્ઠલભાઈ રાઠવા વચ્ચે મુકાબલો થશે.

‘ગરોડી કે ખિસકોલી’ના નિવેદનથી રાજકીય ગરમાવો...

બરોડા ડેરીના ચૂંટણી જંગમાં વડોદરા ઝોન હવે ‘હોટ સીટ’ બની ગયો છે. ભાજપના મેન્ડેટને માન આપી શૈલેશ પટેલે પુત્ર પાર્થિવ માટે મેદાન તો છોડ્યું, પરંતુ હિતેશ પટેલે ફોર્મ પરત ન ખેંચતા મામલો બિચક્યો છે. આ ખેંચતાણ વચ્ચે શૈલેશ પટેલનું વિવાદાસ્પદ નિવેદન “તે કોના માણસ છે? ગરોડીના કે ખિસકોલીના?” હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. પક્ષના હાઈકમાન્ડના દબાણ છતાં હિતેશ પટેલની મક્કમતાએ સાબિત કરી દીધું છે કે વડોદરા ઝોનમાં આ વખતે જંગ માત્ર મતોનો નહીં પણ પ્રતિષ્ઠાનો પણ રહેશે.

વડોદરા મહાનગરપાલિકામાં વહીવટદાર શાસન લાગુ

10 માર્ચથી IAS અધિકારી શાલિની અગ્રવાલ એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટાયેલ બોડીની મુદત પૂર્ણ થવાના કારણે રાજ્ય સરકારે મનપામાં વહીવટદાર શાસન લાગુ કરવાનો આદેશ કર્યો છે. રાજ્ય સરકારના અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ વિભાગ દ્વારા 7 માર્ચ, 2026ના રોજ જાહેર કરાયેલા આદેશ મુજબ 10 માર્ચ, 2026થી વડોદરા મહાનગરપાલિકામાં વહીવટદાર તરીકે IAS અધિકારી શાલિની અગ્રવાલની નિમણૂક કરવામાં આવી છે. સરકારી આદેશ મુજબ વડોદરા મહાનગરપાલિકાના કાઉન્સિલરોની મુદત 9 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થવાની છે. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, 1949 મુજબ કોર્પોરેશનની નવી ચૂંટણી મુદત પૂર્ણ થાય તે પહેલાં યોજવી જરૂરી હોય છે, પરંતુ અનિવાર્ય પરિસ્થિતિઓને કારણે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી સમયસર પૂર્ણ કરી શકાયી નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કાયદાકીય જોગવાઈઓ હેઠળ વડોદરા મહાનગરપાલિકાના વહીવટ માટે એડમિનિસ્ટ્રેટર તરીકે શાલિની અગ્રવાલ, IASની નિમણૂક કરી છે. હાલ તેઓ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ પહેલા તેઓ વડોદરા મહાનગર પાલિકાના કમિશનર રહી ચૂક્યા હોવાથી વડોદરાના વહીવટથી સુપેરે પરિચીત છે. સરકારી આદેશ અનુસાર 10 માર્ચ, 2026થી તેઓ વડોદરા મહાનગરપાલિકાના એડમિનિસ્ટ્રેટર તરીકે કાર્યભાર સંભાળશે અને નવી ચૂંટણી યોજાઈ નવા કાઉન્સિલરોની પસંદગી થાય ત્યાં સુધી મનપાનું સંચાલન તેમની દેખરેખ હેઠળ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન શહેરની આવશ્યક સેવાઓ, વિકાસ કાર્યો અને વહીવટી કામગીરી મનપાના અધિકારીઓ સાથે સંકલન કરીને ચાલુ રાખવામાં આવશે. નવી ચૂંટણી યોજાયા બાદ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ફરીથી વહીવટની જવાબદારી સોંપવામાં આવશે. રાજ્ય સરકારના પ્રિન્સિપલ સેક્રેટરી એમ.ટી. થેનારાસન દ્વારા રાજ્યપાલના નામે આ આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

ચાલુ વિકાસ કાર્યો અને આવશ્યક સેવાઓ યથાવત રાખવામાં આવશે

ચૂંટાયેલા હોદ્દેદારોની મુદત પૂર્ણ વહીવટી તંત્ર સંભાળશે કામકાજ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટાયેલ બોડીની મુદત પૂર્ણ થવાના પગલે આગામી સપ્તાહથી મનપામાં વહીવટદાર શાસન લાગુ થશે. ચૂંટાયેલા હોદ્દેદારોની મુદત પૂર્ણ થયા બાદ નવી ચૂંટણી યોજાય ત્યાં સુધી મહાનગરપાલિકાનું વહીવટ વહીવટી તંત્ર દ્વારા સંચાલિત કરવામાં આવશે. માહિતી મુજબ મહાપૌર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના હોદ્દેદારોની મુદત પૂર્ણ થતાં કાયદાકીય પ્રક્રિયા મુજબ રાજ્ય સરકાર દ્વારા વહીવટદારની નિમણૂક કરવામાં આવશે. ત્યારબાદ મહાનગરપાલિકાનું દૈનિક વહીવટી કામકાજ વહીવટદાર અને મનપાના અધિકારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ થયા બાદ નવી ચૂંટણી યોજાય ત્યાં સુધી મનપાની કામગીરી મર્યાદિત સ્વરૂપે ચાલુ રહેશે. આ દરમિયાન શહેરની જરૂરી નાગરિક સુવિધાઓ જેમ કે પાણી, સફાઈ, રસ્તા, સ્ટ્રીટલાઈટ અને આરોગ્ય સેવાઓ યથાવત રહેશે, પરંતુ મોટા નીતિગત નિર્ણયો અને નવા વિકાસ પ્રોજેક્ટોની મંજૂરી આપવામાં નહીં આવે. નગરપાલિકા કાયદા મુજબ જો ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ થાય અને નવી ચૂંટણી યોજાય ત્યાં સુધી ગાળું રહે તો રાજ્ય સરકાર દ્વારા વહીવટદારની નિમણૂક કરીને મહાનગરપાલિકાનું સંચાલન કરવામાં આવે છે.

સામાન્ય રીતે વરિષ્ઠ વહીવટી અધિકારીને આ જવાબદારી સોંપવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકામાં પણ આવું જ મોડેલ અમલમાં આવશે અને ચૂંટણી યોજાય ત્યાં સુધી વહીવટી તંત્ર દ્વારા શહેરનું સંચાલન કરવામાં આવશે. આ દરમિયાન ચાલુ વિકાસ કાર્યો અને આવશ્યક સેવાઓ યથાવત રાખવામાં આવશે.

ગરમીની શરૂઆતમાં જ રસ્તાઓને પરસેવો છૂટ્યો, પાલિકાની કામગીરીની પોલ ખુલ્લી પડી

વડોદરાના અલકાપુરીમાં ડામર પીગળતા રાહદારીઓના ચંપલ રોડ પર ચોંટવા લાગ્યાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા મહાનગરપાલિકાના ભ્રષ્ટ અને હલકી ગુણવત્તાના કામોનો નમૂનો ઉનાળાની શરૂઆતે જ શહેરના અલકાપુરી વિસ્તારમાં જોવા મળ્યો છે. સૂર્યદેવતાએ હજુ તો આકરા તેવર બતાવવાનું શરૂ કર્યું છે, ત્યાં જ વડોદરાના રસ્તાઓ પીગળીને પ્રવાહી બની રહ્યા છે. અલકાપુરીમાં હોટલ એક્સપ્રેસ પાસેનો ડામરનો રોડ જાણે ‘ગુંદર’ બની ગયો હોય તેમ લોકોના પગરખાં અને વાહનોને પોતાની તરફ ખેંચી રહ્યો છે. આ દ્રશ્યો જોઈને શહેરીજનો પૂછી રહ્યા છે કે, સાહેબ, આ રોડ બનાવ્યો છે કે કોઈને ચોંટાડવાનો ફેવિકોલ ? અલકાપુરી જેવા વિસ્તારમાં, જ્યાં હજારો લોકોની અવરજવર રહે છે, ત્યાં રોડનો ડામર ઉકળવા માંડ્યો છે. રસ્તો એટલો ચુંબકીય બની ગયો છે કે ચાલતા જતા રાહદારીઓના ચંપલ ડામરમાં ફસાઈ જાય છે. લોકોએ પોતાનું સંતુલન જાળવવા માટે ભારે કસરત કરવી પડે છે. ગૃહિણીઓ, નોકરિયાત વર્ગ અને ખાસ કરીને વૃદ્ધો માટે આ માર્ગ પર ચાલવું એક અગ્નિપરીક્ષા સમાન બની ગયું છે. દ્વિચક્રી વાહનચાલકોના ટાયર ડામરની ચીકાશને કારણે સ્લિપ થઈ રહ્યા છે, જે ગંભીર અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે. સામાન્ય રીતે ડામરના મિશ્રણમાં જો યોગ્ય તાપમાન અને ગુણવત્તા જાળવવામાં ન આવે તો જ આવી સ્થિતિ સર્જાય છે. ઉનાળાની શરૂઆતમાં જ જો ડામર પીગળવા લાગે, તો ભર ઉનાળે રસ્તાની હાલત શું થશે ?

કોન્ટ્રાક્ટરો અને પાલિકાના એન્જિનિયરોની મિલીભગતને કારણે જનતાના ટેક્સના કરોડો રૂપિયા જાણે ડામર બનીને રસ્તા પર વહી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. સ્થાનિકોની એક જ માંગ છે કે વડોદરા મહાનગરપાલિકા કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને અલકાપુરી સહિતના વિસ્તારોમાં જ્યાં પણ ડામર ઉખડી રહ્યો છે કે પીગળી રહ્યો છે, ત્યાં તાત્કાલિક ધોરણે મરામતની કામગીરી શરૂ કરે.

વકીલ આલમમાં શોકની લાગણી વ્યાપી

વડોદરાના સિનિયર એડવોકેટ નલિન પટેલનું નિધન

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના જાણીતા સિનિયર એડવોકેટ અને વડોદરા બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ નલિન પટેલનું સારવાર દરમિયાન અવસાન થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત નાદુરસ્ત હોવાને કારણે તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમના નિધનથી પરિવાર તેમજ વકીલ જગતમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

વડોદરા સહિત સમગ્ર ગુજરાતના કાનૂની ક્ષેત્ર માટે આ દુઃખદ સમાચાર માનવામાં આવી રહ્યા છે. નલિન પટેલ વકીલાતના ક્ષેત્રમાં લાંબા સમયથી સક્રિય રહ્યા હતા અને કાનૂની વ્યવસાયમાં તેમની આગવી ઓળખ હતી. તેઓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના એક્ઝિક્યુટિવ કમિટી ચેરમેન તરીકે પણ સેવા આપી રહ્યા હતા.

તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન વકીલાતના વ્યવસાયની પ્રતિષ્ઠા અને મર્યાદા જાળવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કાનૂની ક્ષેત્રમાં તેમની નિષ્ઠા, સાદગી અને નેતૃત્વના કારણે તેઓ વકીલ વર્ગમાં સન્માનિત સ્થાન ધરાવતા હતા.

સિનિયર એડવોકેટ નલિન પટેલના નિધનથી તેમના સહકર્મીઓ, વકીલ મિત્રો અને કાનૂની ક્ષેત્ર સાથે જોડાયેલા અનેક લોકોએ દુઃખ વ્યક્ત કર્યું છે. તેમના અવસાનને કારણે વડોદરાના કાનૂની ક્ષેત્રે એક અનુભવી અને સન્માનિત વ્યક્તિ ગુમાવ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

માલિકે વડોદરાથી જીપીએસમાં લોકેશન ચેક કરતા કારનું રાજસ્થાન મળ્યું

ગોત્રીના માલિકની ભાડે ફેરવવા આપેલી કાર ઠગ ગ્રાહકે બારોબાર વગે કરી નાખી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

તાંદલજા વિસ્તારમાં રહેતો ઠગ ગ્રાહક કાર ભાડે ફેરવવાનું કહીને લઈ ગયો હતો. કાર પરત માંગવા છતાં ગ્રાહક કાર પરત ન આપતો ન હતો અને પોતાનો મોબાઈલ પણ સ્વિચ ઓફ કરી નાખ્યો હતો. જેથી માલિકે જીપીએસ પર લોકેશન ચેક કરતા રાજસ્થાનનું બતાવતા ઠગે કાર બારોબાર સગેવગે કરી છેતરપિંડી આચરી હોય તેના વિરુદ્ધ નોંધાવી છે. ગોત્રી રોડ વિસ્તારમાં મેઘા હાઉસ ગાયત્રી પાર્ક સોસાયટીના મકાનમાં પીજી તરીકે નિરવભાઈ હિંમતભાઈ વાળા (ઉ.વ.21) રહે છે. તેઓ ગોત્રી સેવાસી રોડ પર આવેલી કોર્નિયા આઈ હોસ્પિટલમાં ઓપ્ટોમેટ્રીસ્ટ તરીકે બે વર્ષથી નોકરી કરે છે. જુન 2025 દરમિયાન તેમના મિત્ર અનિલભાઈ બાબુભાઈ બલદાણીયાના નામે કાર ખરીદી હતી. તેઓ ગ્રાહકો પાસેથી જરૂરી ડોક્યુમેન્ટ લઈને પ્રતિદિન રૂ.3 હજાર ભાડું તથા રૂ.10 હજાર ડિપોઝિટ લઈને કાર પાડે ફેરવવા માટે આપતા હતા. ગત 21 જાન્યુઆરીના રોજ તેમના કુટુંબી ભાઈ કશ્યપભાઈ વાળાએ ફોન કરી અતાઉર રહેમાન સાકીર મેમણ જૂનો ગ્રાહક હોય 3 દિવસ માટે કાર ભાડે લેવા માંગે છે.નિરવભાઈ ગેંડા સર્કલ પાસે પહોંચ્યા હતા જ્યાં કુરજીભાઈ ભટ્ટુકભાઈ વાળા મળ્યા હતા. જેથી તેઓ લાલ કોર્ટ સુરસાગર તળાવ ગેટ નંબર-2 પાસે ગયા હતા ત્યારે અત્તાઉર રહેમાન મિત્ર સાથે આવ્યો હતો અને આધાર કાર્ડ, પાન કાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સના ફોટા સાથે રૂ.10 હજાર ડિપોઝિટ અને બે દિવસના ભાડાના રૂ.5,500 રોકડા એક દિવસનું ભાડું બાદમાં આપવાની વાત કરી કાર લઈ ગયો હતો. 3 દિવસ પણ અત્તાઉર રહેમાન કાર પરત આપવા આવ્યો હતો. જેથી ફોન કરતા વધુ એક દિવસ કાર રાખવા કહ્યું હતું. ચોથા દિવસ બાદ પણ અત્તાઉર રહેમાન કાર નહી આપી જતા તેના મોબાઈલ પર કાર માલિકે ફોન કર્યો હતો પરંતુ તેનો ફોન બંધ આવતો હતો.

જેથી તેઓએ આરોપીએ આપેલા સરનામે તપાસ કરી હતી ત્યારે તે ત્યાં નહી રહેતો ન હોવાનું જાણવા મળ્યું હતું. નિરવભાઈ વાળો મોબાઈલમાં લગાવેલા જીપીએસ એપ્લિકેશનથી કારનું લોકેશન ચેક કરતા કાર વડોદરાથી આણંદ, અમદાવાદ, મહેસાણા, ઊંઝા અને છેલ્લે કારનું પોખરણ (રાજસ્થાન) વિસ્તારમાં હોવાનું લોકેશન મળ્યું હતું. જેથી કાર માલિક નિરવભાઈ વાળાએ અત્તાઉર રહેમાન સાકીર મેમણ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

નજરાણું 18 મહિનામાં કામ પૂર્ણ કરવાનું લક્ષ્ય; સોલાર રૂફટોપ, બેબી પૂલ અને આધુનિક જીમ જેવી સુવિધાઓથી સજ્જ

માંજલપુરમાં આધુનિક સ્વિમિંગ પૂલનું નિર્માણ શરૂ

14 Crore ના ખર્ચે તૈયાર થશે ઓલિમ્પિક સાઈઝનો પૂલ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારના નાગરિકો અને રમતવીરો માટે એક મહત્વના પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. માંજલપુર વિસ્તારમાં સ્મશાનની સામે આવેલા પ્લોટમાં આશરે 14 કરોડ GST સાથે ના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક સ્વિમિંગ પૂલના કામનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ આગામી 18 મહિના માં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે, જે પૂર્ણ થતા જ દક્ષિણ વડોદરાના રમતપ્રેમીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઘરઆંગણે મળી રહેશે. ઉલ્લેખનીય છે કે, ગતરોજ રાજ્યના નાયબ મુખ્યમંત્રીના હસ્તે આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાની વર્તમાન બોર્ડની ટર્મ પૂર્ણ થવાના આરે છે, ત્યારે પાલિકા દ્વારા શહેરના વિકાસ માટે સ્થાયી સમિતિમાં મંજૂર કરાયેલા 57 જેટલા કામો પૈકી આ એક મહત્વનું કામ છે. આજે આ કામગીરીના શુભારંભ પ્રસંગે ગુજરાત સરકારના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, વરિષ્ઠ ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શીતલ મિસ્ત્રી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્વિમિંગ પૂલની સૌથી મોટી વિશેષતા તેની સાઈઝ અને ડિઝાઈન છે. 25 x 50 નો આ પૂલ સંપૂર્ણપણે ‘ઓલિમ્પિક સાઈઝ’નો હશે, જે રમતવીરોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં મદદરૂપ થશે. આ પૂલની ઉપર સોલાર રૂફટોપ લગાવવામાં આવશે અને તે સંપૂર્ણપણે કવર્ડ હશે, જેથી તમામ ઋતુઓમાં તેનો ઉપયોગ થઈ શકશે. નાના બાળકો માટે અલગથી ‘બેબી સ્વિમિંગ પૂલ’ પણ બનાવવામાં આવશે જેથી તેઓ સુરક્ષિત રીતે સ્વિમિંગ શીખી શકે. સ્વિમિંગ પૂલની સાથે સાથે અહીં અનેક આનુષંગિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. જેમાં સ્ત્રી-પુરુષો માટે અલગ ચેન્જિંગ રૂમ, શાવર રૂમ, લોકર રૂમ, આધુનિક ઓફિસ અને પંપ રૂમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બિલ્ડિંગની અગાસી પર ઓપન ટેરેસની વ્યવસ્થા કરાશે જ્યાં નાગરિકો યોગા અને અન્ય કસરતો કરી શકશે. રમતવીરો માટે ખાસ જીમ ની સુવિધા પણ અહીં ઉપલબ્ધ કરાવવામાં આવશે. માંજલપુર વિસ્તારમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બન્યા બાદ લાંબા સમયથી સ્વિમિંગ પૂલની માંગ કરવામાં આવી રહી હતી. ધારાસભ્ય યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી માત્ર માંજલપુર જ નહીં પરંતુ આસપાસના અન્ય વિસ્તારોના નાગરિકોને પણ મોટો લાભ થશે. મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લએ ઉમેર્યું કે, વડોદરાના ચારેય ઝોનમાં એક-એક આધુનિક સ્વિમિંગ પૂલ બનાવવાની પાલિકાની યોજનાના ભાગરૂપે આ કામગીરી હાથ ધરાઈ છે, જે વડોદરાના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈ પર લઈ જશે.

યુવકે મોબાઇલમાં વિદ્યાર્થીનીનો વીડિયો બનાવી બ્લેકમેલ કરતો યુવક ઝડપાયો

સોશિયલ મિડિયા પરથી મિત્રતા બાદ યુવક દ્વારા વિદ્યાર્થિની પર દુષ્કર્મ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરમાં સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવી એક ખાનગી યુનિવર્સિટીની વિદ્યાર્થિની પર દુષ્કર્મ કર્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આરોપી યુવકે કપડાં ધોવાના બહાને વિદ્યાર્થિનીને પોતાના ઘરે બોલાવી મોડીરાત્રે તેના પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત યુવકે વિદ્યાર્થિનીનો અશ્લીલ વીડિયો બનાવી તેને વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલે બાપોદ પોલીસે આરોપી યુવકને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરા જિલ્લામાં આવેલી ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની સોશિયલ મીડિયા મારફતે આકાશ સિંહ નામના યુવક સાથે ઓળખાણ થઈ હતી. સમય જતાં બંને વચ્ચે મિત્રતા વધી હતી. આ દરમિયાન આરોપીએ પોતાના ઘરે વોશિંગ મશીન હોવાથી કપડાં ધોવા માટે આવવા કહ્યું હતું. મિત્રતામાં વિશ્વાસ રાખીને વિદ્યાર્થિની તેના ઘરે પહોંચી હતી.

પરંતુ રાત્રિનો સમય થઈ ગયો હોવાનું કહી યુવકે વિદ્યાર્થિનીને ઘરે જવા દીધી નહોતી અને ગેરસમજ ઊભી થવાની વાત કહી તેને પોતાના ઘરે જ રોકી રાખી હતી. બાદમાં મોડીરાત્રે આરોપીએ વિદ્યાર્થિનીને પોતાના રૂમમાં બોલાવી તેની સાથે અશ્લીલ હરકતો કરી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.

ઘટના દરમિયાન આરોપીએ મોબાઈલ ફોનમાં વિદ્યાર્થિનીના અશ્લીલ વીડિયો બનાવી લીધા હતા અને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી ફરીથી મળવા તથા શારીરિક સંબંધ બાંધવા દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

વિદ્યાર્થિની આરોપીના ઘરમાંથી છૂટીને સીધી બાપોદ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી આકાશ સિંહને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી મોબાઈલ ફોન સહિતના પુરાવા જપ્ત કર્યા છે અને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.